# નાયબ પોલીસ મહાનિરીક્ષકની કચેરી,
# ગાંધીનગર વિભાગ, ગાંધીનગર
### સેકટર–૨૭, ગાંધીનગર. પીન–૩૮૨૦૨૮
### જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૨૬–૨૭

**પોલીસ ખાતાની વિવિધ કચેરી ખાતે કાયદા અધિકારીની નિમણુંકની જાહેરાત**

(૧) DGP & IGPશ્રી ગુ.રા. ગાંધીનગર–૦૨ (૨) DGPશ્રી સીઆઇડી ક્રાઇમ અને રેલ્વેઝ ગુ.રા. ગાંધીનગર તથા ANTF–૦૨ (૩) પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગર–૦૧ (૪) પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા –૦૧ (૫) પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠા–૦૧ (૬) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી–૦૧ નીકચેરીઓ માટે કાયદા અધિકારી(વર્ગ–૧ સમકક્ષ) ની જગ્યા ૧૧ માસ માટે કરાર આધારે ભરવા માટે ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| જગ્યાનું નામ | કાયદા અધિકારી |
| કુલ જગ્યા | ૦૮ |
| વય મર્યાદા | ૫૦ વર્ષથી વધારે નહી |
| પગાર અને ભથ્થા | રૂા.૬૦,૦૦૦/– માસિક ફીકસ વેતન |
| લાયકાત અને અનુભવ | ૧.ભારતની માન્ય યુનિવર્સિટીના કાયદાના સ્નાતકની પદવી (L.L.B.) તથા કાયદાની પ્રેકટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ.<br>૩.CCC levelનું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>૪. ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાત અથવા બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી ધરાવતા હોવા જોઇએ.<br>૫. વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૧૦ વર્ષનો અનુભવ |

૧. ગુજરાતી,હિન્દી,અંગ્રેજી ભાષાની જાણકારી જરુરી છે.
૨. અરજી પત્ર સાથે DIGP,GADHINAGAR RANGE, GANDHINAGAR. ના નામનો રૂા.૧૦૦/–નો નોન–રિફંડેબલ ડીમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.
૨. અરજી પત્રકનો નમુનો, જાહેરાત અંગે વિગત વારની માહિતી તથા કાયદા અધિકારીની જગ્યાની બોલીઓ અને શરતો તથા સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો www.spgandhinagar.gujarat.gov.in ઉપર **"અવનવુ"** વિભાગમાં ઉપલબ્ધ છે. જે ડાઉનલોડ કરી સંપુર્ણ અભ્યાસ કર્યા બાદ જ અરજી કરવી.
૩. સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરુરી પ્રમાણપત્રોની નકલ સાથે રજી.પોસ્ટથી અથવા રૂબરૂમાં નાયબ પોલીસ મહાનિરીક્ષકની કચેરી, ગાંધીનગર વિભાગ, ગાંધીનગર. સેકટર–૨૭, ગાંધીનગર– ૩૮૨૦૨૮ ને **જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૧૦માં** મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. અધુરી વિગતવાળી તેમજ સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ વિચાણામાં લેવામાં આવશે નહી.
૫. સંબંધિત ઉમેદવારોને જયારે રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે ત્યારે સ્વખર્ચે જરુરી તમામ અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહશે.
**સંપર્ક:** ટેલીફોન નંબર ફોન નં. : ૦૭૯ – ૨૩૨૬૦૬૧૫.

**( વિરેન્દ્ર સિંહ યાદવ)**
નાયબ પોલીસ મહાનિરીક્ષક,
ગાંધીનગર વિભાગ, ગાંધીનગર.

**નાયબ પોલીસ મહાનિરીક્ષકની કચેરી,**
**ગાંધીનગર વિભાગ, ગાંધીનગર**
**સેકટર-૨૭, ગાંધીનગર. પીન-૩૮૨૦૨૮**
**Ph. : ૦૭૯-૨૩૨૬૦૬૧૫, Fax : ૦૭૯-૨૩૨૬૧૭૨૯**
**E-Mail : igp-admin-gnr@gujarat.gov.in**

GANDHINAGAR RANGE

GANDHINAGAR RANGE

## જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૨૬-૨૭

**(૧) DGP & IGPશ્રી ગુ.રા. ગાંધીનગર (૨) DGPશ્રી સીઆઇડી ક્રાઇમ અને રેલ્વેઝ ગુ.રા. ગાંધીનગર** તથા ANTF **(૩) પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગર (૪) પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા (૫) પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠા (૬) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી ની કચેરીઓના નામદાર નીચલી અદાલત અને વડી અદાલતોમાં ચાલતા કેસો અસરકારક રીતે લડવાને લગતી કામગીરી સારૂ કરાર આધારિત કાયદા અધિકારીની સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યા ઉપર કરારના ધોરણે નિમણૂંક આપવા.**

**(જગ્યા/નિમણૂકનુંસ્થળ/અપેક્ષિત ગુણવત્તા/ અરજીપત્રક સાથે સામેલ રાખવાના પ્રમાણપત્રોની વિગત )**

**જગ્યાઓ :- ૦૮**

**સંભવિત નિમણૂકનું સ્થળ:-**

**(૧) DGP & IGPશ્રી ગુ.રા. ગાંધીનગરની કચેરી, પ્રથમ માળ, પોલીસ ભવન, સેકટર-૧૮ ગાંધીનગર- ૦૨ જગ્યા**

**(૨) DGPશ્રી સીઆઇડી ક્રાઇમ અને રેલ્વેઝ ગુ.રા. ગાંધીનગર તથા ANTF ની કચેરી, ચોથો માળ, પોલીસ ભવન, સેકટર-૧૮ ગાંધીનગર - ૦૨ જગ્યા**

**(૩) પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરી, સેકટર-૨૭, ગાંધીનગર- ૦૧ જગ્યા**

**(૪) પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાની કચેરી, જીલ્લો-મહેસાણા - ૦૧ જગ્યા**

**(૫) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરની કચેરી, જીલ્લો-સાબરકાંઠા - ૦૧ જગ્યા**

**(૬) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાની કચેરી, જીલ્લા સેવા સદન કેમ્પસ, મોડાસા - ૦૧ જગ્યા**

| | |
|---|---|
| જગ્યાનું નામ | કાયદા અધિકારી |
| કુલ જગ્યા | ૦૮ |
| વય મર્યાદા | ૫૦ વર્ષથી વધારે નહી |
| પગાર અને ભથ્થા | રૂા.૬૦,૦૦૦/- માસિક ફીક્સ વેતન |
| લાયકાત અને અનુભવ | ૧.ભારતની માન્ય યુનિવર્સિટીના કાયદાના સ્નાતકની પદવી (L.L.B.) તથા કાયદાની પ્રેકટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ.<br>૩.CCC levelનું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>૪. ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાત અથવા બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી ધરાવતા હોવા જોઇએ.<br>૫. વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૧૦ વર્ષનો અનુભવ |

- સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરુરી પ્રમાણપત્રોની નકલ સાથે રજી.પોસ્ટથી અથવા રૂબરૂમાં નાયબ પોલીસ મહાનિરીક્ષકની કચેરી, ગાંધીનગર વિભાગ, ગાંધીનગર. સેકટર-૨૭, ગાંધીનગર- ૩૮૨૦૨૮ ને **જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૦માં** મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. અધુરી વિગતવાળી તેમજ સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ વિચાણામાં લેવામાં આવશે નહી.
- ઉમેદવારે ઇન્ટરવ્યુ માટે આ હેતુ માટે બનાવવામાં આવેલ કમિટી સમક્ષ ગાંધીનગર ખાતે તારીખ સમયે અને સ્થળે હાજર રહેવાનું રહેશે.
- ઇન્ટરવ્યુની હાજરી માટે ઉમેદવારને કોઇ ભાડા ભથ્થું ચૂકવવામાં આવશે નહી.

**અપેક્ષિત ગુણવત્તા :**

- કાયદાક્ષેત્રમાં વકીલા તરીકે ૧૦ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.
- જ્યુડીસિયરી ડીપાર્ટમેન્ટમાંથી નિવૃત થયેલ હાલમાં વકીલાત કરતા અને જગ્યાની ફરજો જોતા અનુભવી વ્યક્તિની વય મર્યાદામા છુટ છાટ આપી પ્રાધાન્ય આપવામાં આવશે.

- સેશન્સ કોર્ટમાં કેસો ચલાવેલા હોવા જોઇએ.આવા પોતે ચલાવેલ કેસમાં જે ચુકાદો આવેલ હોય તે પૈકી લેન્ડમાર્ક ચુકાદાની કોઇ પણ એક નકલ બીડવી. નકલ નહી રજુ કરનારની અરજી ધ્યાને લેવાશે નહીં.
- ગુનાને લગતા કાયદાનું જ્ઞાન તેમજ અનુભવ ધરાવતા હોવા જોઇએ.
- ઉમેદવાર ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.
- ઉમેદવાર જો નિવૃત અધિકારી/કર્મચારી હોય તો તેવો વિરુધ્ધ કોઇ ખાતાકીય કાર્યવાહી થયેલ ન હોવી જોઇએ અને
- ઉમેદવાર વિરુધ્ધ કોઇ ગુન્હો દાખલ થયેલ ન હોવો જોઇએ.
- વ્યવસાયીક કાયદાકીય સંસ્થાઓનું સભ્ય પદ હોવું જરુરી છે. જેનો આધાર રજુ કરવાનો રહેશે. આધારજુ ન કરનાર ઉમેદવારોને ધ્યાને લેવામાં આવશે નહી.
- ખાલી જગ્યાઓની દ્રષ્ટીએ તથા વહીવટી અનુકુળતા ખાતર જે તે જીલ્લા-શહેરના સ્થાનિક ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.
- પસંદગી પામેલ કાયદા અધિકારીને ઉપર દર્શાવ્યા મુજબના સ્થળો પૈકી કોઇપણ સ્થળ પર નિમણુક આપવાનો અબાધિત અધિકારી વિભાગને રહેશે. તેમનું નિમણુંકનું સ્થળ એ મુખ્ય મથક ગણવાનું રહેશે. નિમણુંકની સ્થળે ઉમેદવારનું રહેઠાણ હોવું જરૂરી છે અને તેઓ અપ-ડાઉન કરી શકશે નહી.
- સદર જાહેરાત અન્વયે અત્રેની કચેરીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

નિમણૂક પામતા ઉમેદવારની કરાર આધારિત નિમણૂંક હોઈ, નકકી કરાયેલ ધોરણોનુંસારનો કરાર કરવાનો રહેશે. કરારની શરતો સરકારશ્રી તથા કચેરી વડા દ્વારા થતા નિયમો અને તેમાં થતાં વખતો-વખતના સુધારા નિમણૂક પામતા ઉમેદવારને બંધનકર્તા રહેશે. નિમણૂક પામતા ઉમેદવારને કરવાના થતાં કરાર અન્વયેની બોલીઓ તથા શરતો આ સાથે નિરીક્ષણ અર્થે મુકેલ છે.

## અરજીપત્રક સાથે સામેલ રાખવાના પ્રમાણપત્રોની વિગત :

૧૧ માસના કરાર આધારિત માસિક રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઠ હજાર પુર)ના ફિક્સ વેતનથી કાયદા અધિકારીની ૦૮ જગ્યાઓ પર નિમણુક માટે અરજી કરનાર અરજદારે નીચે મુજબનાં પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ અરજીપત્રક સાથે નીચે દર્શાવેલ ક્રમ અનુસાર સામેલ રાખવાની રહેશે. તેમજ રૂબરૂ મુલાકાત સમયે અસલમાં સાથે રાખવાના રહેશે.

(૧) અરજીપત્રક
(૨) કાયદાની સ્નાતક/અનુસ્નાતક ડિગ્રીનું સર્ટીફીકેટ.
(૩) બાર કાઉન્સિલ ઓફ ગુજરાત/ ઈન્ડીયામાં નોંધણી (Registration) અંગેની સનદ.
(૪) નિયત અનુભવ અંગેનું પ્રમાણપત્ર (સક્ષમ અધિકારીના સહી-સિક્કા સાથે)
(૫) CCC levelનું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર
(૬) અન્ય કોઇ વધારાની લાયકાત ધરાવતા હોય તો તેનું પ્રમાણપત્ર.
(૭) DIGP,GADHINAGAR RANGE, GANDHINAGAR. ના નામનો રૂા.૧૦૦/-નો નોન રિફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ (અસલમાં)

**( વિરેન્દ્રસિંહ યાદવ)**
નાયબ પોલીસ મહાનિરીક્ષક
ગાંધીનગર વિભાગ, ગાંધીનગર

## પોલીસ ખાતાની વિવિધ કચેરી ખાતે કાયદા અધિકારી તરીકે કરારના ધોરણે નિમણૂક માટેનું અરજી ફોર્મ

| |
|---|
| પાસપોર્ટ ફોટો |

| | | |
|---|---|---|
| ૧ | નામ :– | |
| ૨ | જન્મ તારીખ :– | |
| | ઉંમર (અરજી કરવાની અંતિમ તારીખના રોજ) :– | |
| ૩ | પત્ર વ્યવહારનું સરનામુ, કાયમી સરનામું :– | રહે...................................<br>..........................................<br>ટેલી./મો/ઈ–મેલ...................<br>કચેરી...................................<br>..........................................<br>ટેલી/મો/ઈ–મેલ................... |
| (એ) | હાલની પ્રેકટીસનું સ્થળ :– | |
| ૪ | શૈક્ષણિક લાયકાતની વિગત (સ્નાતકથી શરૂ કરી) :– | |

| પાસ કરેલ પરીક્ષા | પાસ કર્યાનું વર્ષ | કોલેજ | યુનિવર્સિટી | મેળવેલ વર્ગ/ગ્રેડ | ટકા અને માર્કસ | ખાસ વિષય |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| | | |
|---|---|---|
| ૫ | વકીલ તરીકે સનદ મેળવ્યાની તારીખ :– | |
| ૬ | CCC levelનું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન( હા/ના):– | |
| ૭ | ગુજરાતી, હિન્દી,અંગ્રેજી ભાષાનું જ્ઞાન (હા/ના ) :– | |
| ૮ | વકીલાતના અનુભવની વિગતો (સમયગાળા, સ્થળ સહિત) :– | |

| | | | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
|---|---|---|---|---|---|---|
| ૯ | અનુભવ (ક્રીમીનલ અને સીવિલના કેસો) | | | | | |
| | (i) | **At Bar (in year)** | | | | |
| | (ii) | **No. of criminal case handled** | | | | |
| | (iii) | **No of cases when appeared on behalf of** | | | | |
| | | (a) | **Central, State Government, Ministries & Organizations** | | | |

| | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
|---|---|---|---|---|
| ૧૦ | લડવામાં આવેલ અગત્યના કેસો(સંખ્યા) (કેસ નં–સાથે) કુલ આંકડો :– | | | |

| | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
|---|---|---|---|---|
| ૧૧ | કેસોમાં મળેલ સફળતા (સંખ્યા) (આંકડા–નંબર સાથે) :– | | | |

| | | |
|---|---|---|
| ૧૨ | **કોઈ સંસ્થા/સરકાર(રાજય/કેન્દ્ર) સરકારી વિભાગ/ ખાનગી સંસ્થાના પેનલ વકીલ તરીકે કામગીરી સંભાળતા હોય/સંભાળેલ હોય તો તેની વિગત:-** | |
| ૧૩ | **અગાઉ ગુન્હો દાખલ થયેલ હોય તો તેની વિગત/ બારકાઉન્સીલ દ્વારા કોઈ શિક્ષાત્મક કાર્યવાહી થયેલ હોય કે ચાલુ હોય તેની વિગત/ કોઇ ખાતાકીય કાર્યવાહી થયેલ હોય તો તેની વિગત :-** | |
| ૧૪ | **નિમણૂક માટેના સ્થળની અગ્રતા** **(૧) DGP & IGPશ્રી ગુ.રા. ગાંધીનગર (૨) DGPશ્રી સીઆઇડી ક્રાઇમ અને રેલ્વેઝ ગુ.રા. ગાંધીનગર તથા ANTF (૩) પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગર (૪) પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા (૫) પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠા (૬) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી, ની કચેરી પૈકીની કોઈ પણ ત્રણ (૩) જે કચેરી ખાતે નિમણૂક મેળવવા ઈચ્છા ધરાવતા હોય તે કચેરીનુ ક્રમવાઇઝ નામ સ્પષ્ટ દર્શાવવુ** | |

**ઉપર જણાવેલ વિગતો મારી જાણ મુજબ સાચી છે અને જો તેમાં કોઈપણ વિગત ખોટી હશે તો તે અંગે નિમણુંક કરતા અધિકારીશ્રીનો નિર્ણય અંતિમ રહેશે અને તે મને બંધનકર્તા છે. (૨) મે કાયદાઅધિકારીની જાહેરાતના બધા જ નિયમો અને સુચનાઓ વાંચી છે. આ ઉપરાંત હૂં જાહેરાતમાં દર્શાવેલ શરતોને અનુરૂપ પાત્રતા ધરાવું છું.**

**ઉમેદવારની સહી**

**સ્થળ:**

**તારીખ:**

**નોંધ:** (૧) ઉમેદવારે રહેઠાણનું સરનામું (પીનકોડ સહિત) તથા મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે.
(૨) અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક મોકલવાના રહેશે.
(૩) અસીલ માટે લડવામાં આવેલ કેસમાં તરફેણમાં આવેલ ચુકાદાના એક જજમેન્ટની નકલ ફરજીયાત બિડાણ કરવાની રહેશે.

**બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ નાં નામ, સરનામા,(૧)**
**ફોન નંબર.**

**(૨)**

**( વિરેન્દ્રસિંહ યાદવ)**
નાયબ પોલીસ મહાનિરીક્ષક
ગાંધીનગર વિભાગ, ગાંધીનગર

**પરિશિષ્ટ–૧**

**૧૧ માસના સમય માટે કરારના ધોરણે કાયદા અધિકારી તરીકે અપાતી/માનદ્ વેતનથી નિમણૂંકો અંગેની બોલી અને શરતો**

૧. શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનું નામ) તેઓ હાજર થાય તે તારીખથી પ્રથમ તબકકે ૧૧ માસની મુદત માટેની રહેશે.

૨. નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર બંન્ને પક્ષો એક માસની નોટિસ આપીને કરાર નિયુકિતનો અંત લાવી શકશે.

૩. તેઓએ ............................................ની કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.

૪. તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામેલ પરિશિષ્ટ–૨માં જણાવ્યા પ્રમાણેની રહેશે.

૫. તેઓને રૂ. ૬૦,૦૦૦/–(અંકે રૂપિયા ચાલીસ હજાર પૂરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર રહેશે.

૬. ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

૭. કરારના સમયગાળા દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા કોઈ પણ પ્રકારના લાભો મળવાપાત્ર થશે નહી.

૮. કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ વધારાનું બોનસ, એલ.ટી.સી. લીવ એન્કેસમેન્ટ, પેશગી કે તેવા અન્ય કોઈ પણ પ્રકારના નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.

૯. કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઈ નાણાકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૧૦. તેઓના કામકાજનો સમય રાજય સરકારની કચેરીના સમય મુજબનો રહેશે અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઈ વળતર ભથ્થું આપવામાં આવશે નહી.

૧૧. તેઓને વર્ષ દરમિયાન ૧૧ પરચૂરણ રજા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરીથી મળવાપાત્ર થશે અને તે સિવાય અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી. અનિવાર્ય સંજોગોના કારણે જો તેમને વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

૧૨. તેઓએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને સક્ષમ અધિકારીશ્રી પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહી.

૧૩. તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસે જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ–૧ના અધિકારીશ્રીને મળતા લઘુત્તમ ગ્રેડ–પેના પગાર ધોરણમાં મળવાપાત્ર પગારના લઘુત્તમ પગાર ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

૧૪. તેઓને ગુજરાત સિવીલ સર્વિસીસ (કન્ડકટ) રૂલ્સ ૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઈપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૫. તેઓએ મળનાર માસિક એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

૧૬. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૭. વ્યવસાય વેરા કપાત ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

૧૮. નિમણૂંકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈ પણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૯. કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

૨૦. ઉપરોકત શરતો નિમણૂક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર આપવાનું રહેશે.

૨૧. તેઓએ દર ત્રણ મહિને કેટલા કેસમાં હાજર રહ્યા, કેટલા કેસોનો નિકાલ થયો તે પૈકી કેટલા કેસોમાં સરકાર વિરૂધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવારની ચોકકસ માહિતી સક્ષમ અધિકારીશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

## પરિશિષ્ટ–૨

## કાયદા અધિકારીશ્રીએ બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો

૧. ..................કચેરીના તમામ શાખાના નામદાર નીચલી અદાલત અને વડી અદાલત સમક્ષ ચાલતા તમામ કેસોની કામગીરી.

૨. ..................કચેરી ખાતેની તમામ શાખાઓના નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ ચાલતાં કેસોને લગતી કામગીરી.

૩. ગુજરાત રાજય બહાર અન્ય કોર્ટોમાં ટ્રાન્સફર થયેલ કે થનાર કોર્ટ કેસોને લગતી તમામ કામગીરી.

૪. ..................કચેરીને લગતા કોર્ટ કેસોની કામગીરીના સંદર્ભે નામદાર સુપ્રિમકોર્ટના રાજય સરકારના એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ અને આ કામે રાજય સરકાર તરફથી જુદી જુદી કામગીરી સંદર્ભે રોકવામાં આવેલ એડવોકેટ સાથે સંકલનની કામગીરી.

૫. ..................કચેરીને લગતા કોર્ટ કેસો સંદર્ભે સંબંધિત શાખાઓના લાઈઝનમાં રહી કોર્ટ કેસો તથા તેને આનુષંગિક કામગીરી ઉપરાંત અંગત રસ લઈ કોર્ટ કેસો સંદર્ભમાં પેરાવાઈઝ રિમાર્કસ તૈયાર કરવા, સોગંદનામા તૈયાર કરવા, સરકારી વકીલ અથવા સરકારશ્રી દ્વારા રોકવામાં આવેલ વકીલશ્રીઓને બ્રીફ કરવા તેમજ કેસની મુદત/સુનાવણી દરમિયાન જે તે શાખાના સંકલનમાં રહી કોર્ટ ખાતે હાજરી આપવાની કામગીરી અને કેસ ચાલતો હોય ત્યારે સરકારી વકીલશ્રીનું Law Point તરફ ધ્યાન દોરી સરકારશ્રી પક્ષે અસરકારક

રજૂઆત થાય તે જોવાની કામગીરી.

૬. ઉપરોકત કામગીરી સિવાય........... શ્રી તરફથી કોર્ટ કેસોના જે કોઈ કામગીરી સોંપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી.

૭. ઉપર્યુકત કોર્ટ કેસો અને કમિશનને લગતી કામગીરી માટે કાયદા અધિકારીશ્રીએ જરૂર જણાયે સુચના મળ્યે સામાન્ય કચેરી સમય ઉપરાંત, પ્રસંગ ઉપસ્થિત થયે, રોકાઈને તેમજ જાહેર રજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઈ વધારાનું મહેનતાણું કે ભથ્થું મળવાપાત્ર રહેશે નહી.